સુરત મહાનગરપાલિકા
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત
(વેબસાઈટ : http://www.suratmunicipal.gov.in)

# જા હે રા ત

જાહેરાત ક્રમાંક : પી.આર.ઓ./૫૩ તા.૦૨/૦૫/૨૦૨૦ થી નેશનલ હેલ્થ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં COVID-19 અંતર્ગત શરૂ થનાર ૧૪૨ કલીનીક માટે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ૧૧ માસ માટે નીચે દર્શાવેલ કેડરોની કરાર આધારીત માસિક ફીકસ વેતનથી જગ્યાઓ ભરવા માટે પસંદગી / પ્રતિક્ષાયાદી બનાવવાનાં હેતુસર ફકત ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત કરારીય જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૦૩/૦૫/૨૦૨૦ ના રોજ થી તા.૦૯/૦૫/૨૦૨૦ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતા પહેલા નીચે જણાવેલ ભરતીને લગતી માહિતી અને સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે.

## –:: શૈક્ષણિક લાયકાત તેમજ પગારધોરણની વિગત ::–

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|
| ૧. | મેડીકલ ઓફીસર (પાર્ટ ટાઈમ) | – એમ.બી.બી.એસ.<br>–ગુજરાત મેડીકલ કાઉન્સીલ દ્વારા રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઈએ. | ફીકસ વેતન રૂા.૩૦,૦૦૦/– પ્રતિ માસ |
| ૨. | પેરામેડીકલ સ્ટાફ (પાર્ટ ટાઈમ) | એ.એન.એમ. / જી.એન.એમ. | ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– પ્રતિ માસ |

## –:: સામાન્ય સુચનાઓ ::–

૧. ઉપરોકત કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે આખરી પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે. જેના દ્વારા સદર જગ્યાની બેઝીક લાયકાત અને/અથવા અનુભવ ધ્યાને લઈ રીટર્ન ટેસ્ટ/ પ્રેકટીકલ ટેસ્ટ/ મૌખિક ઈન્ટરવ્યુ લેવા અંગેના માપદંડ નકકી કરાશે અને તે અંગેની જાણ માન્ય થયેલ અરજીના ઉમેદવારોને તેઓના મોબાઈલ નંબર ઉપર મેસેજ દ્વારા કરવામાં આવશે.

૨. આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૩. ઉપરોકત જગ્યાઓ માટેના ઉમેદવારોએ નિયત કરવામાં આવે તે પરીક્ષા / પર્સનલ ઈન્ટરવ્યુ માટે જે જગ્યા સૂચવવામાં આવે તે જગ્યાએ સ્વખર્ચે પહોંચવાનું રહેશે. જે અંગે સુરત મહાનગરપાલિકા દ્વારા કોઈ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.

૪. આ જાહેરાત માટે જરૂર પડયેથી ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ જે તે સમયે વર્તમાનપત્રો અથવા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે તથા મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ ઉપર મેસેજ દ્વારા જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ ભરતીની પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી મોબાઈલ નંબર / ઈ–મેઈલ એડ્રેસ જાળવી રાખવો. જે આપના હિતમાં રહેશે. ઈ–મેઈલ કે ફોન નંબર બદલવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

૫. ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં સમયે જણાવેલ ડોકયુમેન્ટ સુરત મહાનગરપાલિકા દ્વારા જયારે પ્રેકટીકલ / લેખિત પરીક્ષા લેવામાં આવે ત્યારબાદ સુરત મહાનગરપાલિકા દ્વારા માંગણી કર્યેથી ઉમેદવારે જે ડોકયુમેન્ટના આધારે વિગત ભરેલ હોય તે તમામ ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે ઓરીજીનલ તથા તેની એક પ્રમાણિત નકલ તથા નીચે જણાવેલ પુરાવાઓ રજુ કરવાના રહેશે તેમજ વેરીફીકેશન સમયે રજુ કરેલ પુરાવાઓમાં વિસંગતતા જણાયેથી પસંદગી / પ્રતિક્ષાયાદીમાંથી નામ રદ કરવાની સુરત મહાનગરપાલિકાને સત્તા રહેશે.

(૧) ઉંમરના પુરાવા માટે જન્મનો દાખલો, શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અપાયેલ પ્રમાણપત્ર. (કોઈ પણ એક)

(૨) શૈક્ષણિક લાયકાત માટે માર્કશીટ, પ્રમાણપત્ર, ડીગ્રી સર્ટીફીકેટ, એટેમ્પ સર્ટીફીકેટ,રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.

(૩) સદર જગ્યા માટે ઉમેદવારી નોંધાવી હોય અને જો ઉમેદવાર સદર જગ્યાનો અનુભવ ધરાવતો હોય તો સંબંધિત સંસ્થાના લેટરપેડ ઉપર નિયત અનુભવનું પ્રમાણપત્ર.

(૪) EPIC કાર્ડ, પાન કાર્ડ તથા આધારકાર્ડની નકલ.

૬. સદર કેડરમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ જરૂરીયાત ફરજીયાત હોય, સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૭. માર્કશીટ, ડીગ્રી સર્ટી. માં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન રજુ કરવાનું રહેશે.

૮. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે કોઈ પણ સમયે / તબકકે તાકીદની અસરથી નિમણૂંક રદ કરવામાં આવશે.

૯. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ–૨૩૧ ઉપર સંપર્ક કરવો.